સફાઇ કામદરોને પગાર ચૂકવવામાં રાજય સરકાર દ્વારા ચૂકવાતા અનુદાન તથા ઓકટ્રોય નાબુદીના વળતરની રકમમાંથી અગ્રતા આપવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર નંબરઃપગર/૧૦૨૦૦૧(સ.કા.)/ધા.સ-૭૦/ર,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૭/૨૦૦૧

વંચાણે લીધાઃ-

- આ વિભાગનો તા.૧૫/૩/૯૬ નો ઠરાવ ક્રમાંકઃનપમ/૧૧૯૬/૭૭૧/આર

પ રિ પ ત્રઃ-

નગરપાલિકાઓમાં સફાઇ કામદારોને નિયમિત પગાર ન ચૂકવાતો હોવાની વારંવાર સરકારમાં રજૂઆતો થવાના કારણે સંદર્ભ ક્રમાંક (૧) આગળ જણાવેલ તા.૧૫/૩/૯૬ ના ઠરાવથી નગરપાલિકાઓને ચૂકવાતા પગાર ભથ્થા અનુદાનની રકમ સંબંધિત નગરપાલિકાના પ્રમુખશ્રી તથા સ્થાનિક મામલતદારશ્રીના સંયુક્ત ખાતામાં જમા કરાવવા તથા તેમાંથી ખર્ચ કરતી વખતે સફાઇ કામદારોના પગારને પ્રથમ અગ્રતા આપવા સૂચના અપાએલ છે. આમ છતાં આ સુચનાનો અમલ થતો ન હોવા અંગે તથા સફાઇ કામાદરોને પગારની ચૂકવણી પ્રત્યે નગરપાલિકાઓ દ્વારા દુર્લક્ષ સેવવામાં આવતુ હોવા અંગે અવાર નવાર રજૂઆતો મળે છે. આથી સફાઇ કામદારોના પગાર ચૂકવણી નિયમિત રીતે થાય તે માટે નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) નગરપાલિકાઓને ચૂકવાતા પગાર ભથ્થા અંગેના અનુદાનની રકમ જે તે નગરપાલિકાના પ્રમુખ તથા સ્થાનિક મામલતદારના સંયુક્ત ખાતામાં જમા કરાવવાની રહેશે અને તે ખાતામાંથી મામલતદારની સહી વિના કોઇ રકમ ઉપાડી શકાશે નહિ તથા આ ગ્રાન્ટની રકમમાંથી ખર્ચ કરતી વખતે મંજૂર થએલ સેટ અપ ઉપરના સફાઇ કામદારોને ચૂકવવાની પગાર ભથ્થાની રકમ તથા તેના એરિયર્સની રકમ પ્રથમ ચૂકવાય તે જોવાની જવાબદારી સંબંધિત મુખ્ય અધિકારી તથા મામલતદારશ્રીની રહેશે.

(૨) ઓકટ્રોય નાબુદીના વળતર પેટે ચૂકવાતી રકમ માંથી નગરપાલિકાઓના તમામ કર્મચારીઓના પગાર ભથ્થા, પ્રોવિડન્ટફંડ, ગ્રેજયુઇટી, પેન્શન તથા કર્મચારીઓને લગતા ચૂકવણા તથા આવી ચૂકવણીના એરીયર્સની ચૂકવણી ન થાય ત્યાં સુધી આ વળતરની રકમમાંથી અન્ય ખર્ચ કરી શકાશે નહિ.

આર

(૩) ઉપર મુદ્દા (૨) માં જણાવેલ અન્ય કર્મચારીઓને ચૂકવણી કરતાં પહેલાં સફાઇ કામદારોને કોઇ ચૂકવણી કરવાની બાકી હોય તો તેને અગ્રતા આપવાની રહેશે.

(૪) દરેક નગરપાલિકાના મુખ્ય અધિકારીએ દર મહિને મંજૂર થએલ સેટ અપની જગ્યા ઉપર ફરજ બજાવતા સફાઇ કામદારોને પગાર કે અન્ય ચૂકવણી બાકી નથી તેવુ પ્રમાણપત્ર નિયામકશ્રી નગરપાલિકાઓ તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડને મોકલવાનું રહેશે. જો આવું પ્રમાણપત્ર ખોટુ ઠરશે તો મુખ્ય અધિકારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ મહેરિયા)
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (શ.વિ.)ના અંગત સચિવશ્રી,
- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ, રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, અમદાવાદ
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ
  સંબંધિત મામલતદારશ્રીઓને આ સૂચનાઓ પરિપત્રિત કરવા તથા તેનો ચુસ્તપણે અમલ થાય તે જોવા વિનંતી સાથે.
- તમામ નગરપાલિકાઓનાં પ્રમુખશ્રીઓ તથા મુખ્ય અધિકારીશ્રીઓ
- સેકશન અધિકારીશ્રી, મ-શાખા, શ.વિ.અને શ.ગૃ.નિ.વિ. સચિવાલય,ગાંધીનગર
- શાખાના તમામ નાયબ સેકશન અધિકારીશ્રી
- સિલેકટ ફાઇલ.